I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંતનું ત્રિમાસિક ઈ - મેગેઝિન

# યુવામંચ

ડિસેમ્બર - ૨૦૨૩ | અંક - ૩ | વર્ષ - ૧



# આવી આનંદી નાતાલ...

**પ્રકાશક**

ફા. એડવિન આનંદ
( યુથ ડાયરેક્ટર )

**તંત્રી**

જીગ્નેશ ક્રિશ્ચયન

**તંત્રીમંડળ**

શૈલેષ રાઠોડ
મિતુલ ખ્રિસ્તી
મુસ્કાન રાજ
રીપલ ડાભી
પ્રસન્ના ચૌહાણ

**જાહેરાત અને પ્રસાર**

ફા. એડવિન આનંદ
- ( 9974204136 )
શૈલેષ રાઠોડ
- ( 9825442991 )

**ડિઝાઇન અને ટાયપિંગ**

મીત પરમાર

**પ્રકાશન સ્થળ / કાર્યાલય**

આઈ.સી.વાય.એમ.
ઓફિસ,
લોયોલા હોસ્ટેલ, મિશન રોડ, કરમસદ,
ગુજરાત, 388325

Email Id:- icymabad@gmail.com


## ‘યુવામંચ’ ના લેખકો/કવિઓ અને ગ્રાહકોને સૂચનાઓ.

1. 'યુવામંચ' માં પ્રકાશિત થતાં લેખો, **સમાચાર** કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહેશે.
2. કવિ/લેખકોએ પોતાની કૃતિ સાથે પોતાનું નામ-સરનામું, મોબાઈલ,વોટ્સએપ નંબર તથા ઈ -મેઈલ આઈ-ડી તથા પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અવશ્ય મોકલવો.
3. દરેક લેખક/કવિએ પોતાનો લેખ વર્ડ ફાઈલમાં "ગુગલ ફોન્ટ"માં મોકલવાના રહેશે.(pdf કે JPG ફાઈલ મોકલવી નહી.)
4. લેખ-સમાચારના પ્રકાશન અંગેનો નિર્ણય તંત્રીમંડળનો રહેશે.
5. તમારા તાબામાં થતી યુવા પ્રવૃતિઓ અને અહેવાલ આ મેગેઝિનમાં આવકાર્ય છે.
6. તમારા લેખ,કાવ્યો,સમાચાર કે જાહેરાત **20 મી જાન્યુઆરી** સુધી મેઈલ કરવાના રહેશે.
7. 'યુવામંચ' માટે લેખ, કાવ્ય, જાહેરાત, પત્રવ્યવહારનું સરનામું: (ઈમેલ):

**Email id:- icymabad@gmail.com**

## ડિસેમ્બર - ૨૦૨૩ | અંક -૩

**'યુવામંચ' ત્રિમાસિક ઇ - મેગેઝિનનો આગામી અંક માર્ચમાં પ્રકાશિત થશે. જે તપઋતુ તેમજ કારકિર્દી વિશેષ રહેશે. તપ, પસ્તાવો, પાપ, કારકિર્દી, વિષયના અનુસંધાને આપના લેખો 20 મી જાન્યુઆરી સુધીમાં મેઈલ કરશો.**

આવી આનંદી નાતાલ...

# અનુક્રમણિકા

# યુવામંચ


પ્રસ્તાવના
- ફા. એડવિન આનંદ ( યુથ ડાયરેક્ટર ) 03

યુવાની ધારે કવિતા 05

વિચારોની પેલે પાર
- વિશાલ પટેલીયા 06

નાતાલ એક ખરા અંદાજમાં
- પર્લ મેકવાન 09

ખ્રિસ્તજયંતિ એ ક્ષમાનું આભૂષણ
- જીગ્નેશ ક્રિશ્ચયન 10

ફરક
- પુષ્પાબેન માઈકલ 12







નડિયાદ ડીનરીમાં યુવાદિનની ઉજવણી
- મિતુલ ખ્રિસ્તી 24

પેટલાદ ડીનરીમાં યુવાદિનની ઉજવણી
- અશ્વિન પરમાર 25

રાષ્ટ્રિય યુવા પરિષદ ૨૦૨૩-એક યાદગાર અનુભવ
- કૃતેશ મેકવાન 27

DIOCESAN YOUTH COMMITTEE 30

વાચકોની નજરે 39

I.C.Y.M. GALLERY 13

કિશોરદિનની ઉજવણી
- જીગ્નેશ ક્રિશ્ચયન 15

બાળદિનની ઉજવણી
- રીપલ ડાભી 17

ICYM અમદાવાદ નવી સમિતિની રચના
- મિતુલ ખ્રિસ્તી 18

XVII National Catholic Charismatic
Convention - અંગ્રેજી -નિરાલી પટેલીયા 19

૧૮મું પૂના સંમેલન
- ગુજરાતી - મિતુલ ખ્રિસ્તી 21

પવિત્ર આત્મા દેવાલય,લીમડાપુરા યુવાદિન
- ચિરાગ પરમાર 22

GPSCની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ યુવાન મનન
ડાભી સાથે ટેલીફોનીક વાર્તાલાપ 23


**આ અંકમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય : ગૂગલ અને પીન્ટ્રેસ્ટ**



**Rev Fr. Edwin Anand**
**Youth Director**
**ICYM AHMEDABAD DIOCESE**

# આભાર પ્રભુ ૨૦૨૩, WHAT NEXT, હવે પછી શું.....?

હજુ માનવામાં નથી આવતુ કે, કઈ રીતે ૬ મહિનામાં ધર્મપ્રાંતીય ધોરણે 3 કાર્યક્રમો પૂર્ણ થઈ ગયા !!!

**વ્હાલા મિત્રો અને સ્નેહીજનો,**

**આપ** સૌનો દિલના ઊંડાણથી આભાર માનું છું. આજે ઘરે બેસીને વિચાર કરતો હતો કે, છેલ્લા ૬ મહિના દરમિયાન શું શું બન્યું? ત્યારે જ એક પરિવારે જણાવ્યું કે, તમે ત્રણ કાર્યક્રમો ધર્મપ્રાંતીય ધોરણે પૂર્ણ કર્યા.

હું ઇવેન્ટ મેનેજર નથી, હું એક પુરોહીત છું. આ ત્રણ મહત્વના કાર્યક્રમોમાં બાળકો, કિશોરો અને યુવાઓને આવરી લેવામાં આવ્યા. આ ત્રણે કાર્યક્રમોનો ખર્ચો પણ તમારા થકી જ પૂર્ણ થયેલ છે, તે બદલ હું પ્રભુનો ઋણી રહીશ કે, તમારા જેવા લોકો મને મળ્યા. એ સર્વ ફાધરો, સિસ્ટરો અને ધર્મજનોનો આભાર માનું છું કે જેમણે બાળકો, કિશોરો અને યુવાઓને કાર્યક્રમમાં આવવા જવા માટે જહેમત ઊઠાવી. "વિના સહકાર નહિ ઉધ્ધાર."

હવે પછી શું? 1: નવું વર્ષ , આઇ.સી.વાય.એમ.ની નવી યુવા સમિતી કે જેઓએ કીશોર દિન અને બાળદિનમાં જીવ રેડીને મહેનત કરી છે. આ બધી સફળતામાં તેમનો વિશેષ હાથ રહ્યો છે.તો પછી જૂની સમિતિને પણ ભુલી ન શકાય. તેમની સેવા અને નિષ્ઠાને સલામ. તેને ધ્યાનમાં રાખીને પ્રથમવાર **"આઇ.સી.વાય.એમ. ડે"** ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સંત ગોંઝાલો ગાર્સિયા ભારતના પ્રથમ કેથોલિક સંત અને આઇ. સી.વાય.એમ. ચળવળના રક્ષક સંત છે. જેનો તહેવાર ૬ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. તારીખ ૧૧ ફેબ્રુઆરી રવિવારના રોજ આ પર્વની ઊજવણી કરવામા આવશે જેમાં જૂની સમિતીના સભ્યોની વિદાય અને નવા સભ્યોની શપથવિધિ રાખવામાં આવશે.

2: કોઈ પણ પ્રવૃત્તિનો હેતુ હોય છે. તેમ એક પુરોહીત તરીકે મારો હેતુ એજ છે કે, દરેક યુવા યુવતીને "પ્રભુનો અનુભવ" "God Experience" થાય. એને ધ્યાનમાં રાખીને તપઋતુના પ્રથમ રવિવારે તારીખ **18 મી ફેબ્રુઆરી**ના રોજ નગરા, ખંભાત ખાતે એક દિવસીય યુથ રિટ્રીટનું આયોજન કરવામાં આવેલ છે. ફી વ્યકિતદિઠ 100 રૂપિયા અને રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ **૪ ફેબ્રુઆરી** છે, તેથી સત્વરે તમારા તાબાના યુથ કો ઓર્ડીનેટર ફાધર કે સિસ્ટરનો સંપર્ક કરવા વિનંતી. જો તે શક્ય ના હોય તો તમે મારો સીધો સંપર્ક સાધી શકો છો.

3: આઇ. સી. વાય. એમ. ની વિશિષ્ઠ ઓળખ **સ્પોકન ઇંગ્લિશ કેમ્પ** રહી છે. સમય પ્રમાણે તેમાં ફેરફારો લાવીને વ્યકિત ઘડતર તેમજ અન્ય સહઅભ્યાસી પ્રવૃત્તિઓને પણ આવરી લેવામાં આવે તેવા વિચાર સાથે આવતા વર્ષે ઉનાળુ રજાઓમાં આ કેમ્પનું કંઇક અલગ રીતે આયોજન કરવાનું વિચારી રહ્યા છે. જે બાળકો, કિશોરો અને યુવાઓની તેમાં જોડાવવાની ઇચ્છા હોય તો તેઓ મારો અત્યારથી જ સંપર્ક સાધી શકે છે કે જેથી વ્યવસ્થિત આયોજન કરી શકાય.

થોડાં સમય પહેલાં હું એક તાબામાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવા ગયો હતો. ખ્રિસ્તયજ્ઞ પૂર્ણ થતાં અમૂક વાલીગણ મને મળવા આવ્યાં અને તેમણે મને કહ્યું કે તમે અમને ઓળખતા નથી પણ અમે તમને ઓળખીએ છીએ. કીશોર દિનના કાર્યક્રમ બાદ અમારા બાળકોનો અમારી સાથે સંબંધ ઘણો ગાઢ બન્યો છે. મારા માટે કેટલી સંખ્યા આવી તે અગત્યનું નથી. આ કાર્યક્રમ બાદ શું પરિવર્તન આવ્યુ તે વધું અગત્યનું છે. પરિવર્તનના વાહક તરીકે આઇ.સી.વાય.એમ. આગળ કામ કરી શકે તે માટે પ્રાર્થના કરજો અને આર્થિક રીતે પણ તેને સહયોગ કરતાં રહેજો તેવી અભ્યર્થના.

**તમારો મિત્ર,**
**ફાધર એડવિન આનંદ.**


## જાહેરાત છપાવવા માટેનો દર

- **આખું પેજ : ૨૦૦૦/-**
- **અડધું પેજ: ૧૦૦૦/-**
- **1/4 પેજ: ૫૦૦/-**

**નોધ:યુવામંચમાં પ્રસિદ્ધ થતી જાહેરાત ધર્મસભાના સિદ્ધાંતો, મુલ્યોને અનુરૂપ હોવી જોઇએ.**

# યુવાની ધારે કવિતા

## આનંદી નાતાલ... આવી આનંદી નાતાલ...

હે સૌ લોકોમાં છે ખુશીઓ અપાર,
આવી છે આનંદી નાતાલ,
બધા જ લોકો એને કાજે છે તૈયાર,
આ પર્વ છે એકદમ જોરદાર,
આવી છે આનંદી નાતાલ...

ભૂલી જઈએ એ સંબંધોની વચ્ચે રહેલી દરાર,
બધા વહેંચીએ એકબીજાને સંપનો પ્રેમ ધરાર
કરીએ આપણે એકબીજા સાથે સારો વ્યવહાર,
બધાના ઘરમાં ભેટો સાથે સાંતા દાદા આવકાર,
કેમ કે આવી છે આનંદી નાતાલ...

બાળ ઈસુ પાસેથી માગું છું એવો ઉપહાર,
જેનાથી નાશ થાય આ દુનિયાથી,
અત્યાચાર અને ભ્રષ્ટાચાર,
થાય પ્રચાર શાંતિ અને પ્રેમનો,
આવી છે આનંદી નાતાલ...

બાળકો રોમાંચે ઉછળે ઉમંગનો તહેવાર
કેક, કેન્ડેલસ, કેરેલથી ધમ- ધમતું બજાર,
સાચા માર્ગ પર ચાલવાની રાહ બતાવે,
ઈસુ બાળના આગમનની વાત યાદ કરાવે,
પૂર્ણ થયો એ ઇન્તજાર કેમ કે,
આવી છે આનંદી નાતાલ...

ઘેર ઘેર ગભાણ સજાવ્યાં. ટોડલે તારલા ટમકાવ્યા
ઉર ઉમંગે ઉછળતા આજ ...ઋતુએ સજાવ્યાં નવલા સાજ
પુરવના વાયરા લગાડે ટાઢ..હે...મરિયમ પેટે. જનમ્યો
બાળ....આવી આનંદી નાતાલ.... આવી આનંદી નાતાલ..

**- મીત પરમાર**

## નાતાલ

નાતાલ એટલે,
ઇસુ આવે છે એની તૈયારી.
ઇસુ અને મારી જાત સાથેનો સંબંધ.
ઇશ્વર સાથે નજીકથી વાતચીત.
મારા જીવનમાં ઇસુનો નવો જન્મ.
જે વીતી ગયું છે એને ભૂલી જઇ,કંઈક નવું કરવું.
બાહ્ય તૈયારી નહીં પણ આંતરિક હૃદયની તૈયારી.
પોતાની જવાબદારી અદા કરવી.
માનવતા રાખી એકબીજા સાથેનો સારો વ્યવહાર.
એકબીજા સાથેનો સારો, સાચો સંબંધ અને સંપર્ક.
નવું જીવન.
જીવનનો કાટમાળ કાઢી નવું ભરવું.
નવીનતા લાવવી.

MERRY Christmas & HAPPY New YEAR!

**- રીપલ ડાભી**

# વિચારોની પેલે પાર

સ્વસંવાદ -

સાંજનાં લગભગ ૦૭:૩૦ વાગ્યાં હતા અને હું અમારા તાબાના ચર્ચનાં પટાંગણમાં પહોંચ્યો. અને જુના એ લીમડા જોતો ને પોપટોનો કલબલાટ સાંભળતો ચર્ચની નજીક પહોંચ્યો ને સીધો ચર્ચમાં ગયો. પ્રીતસંસ્કારને નમન કરી અને આરોગ્યદાયીમાને નમન કરી પછી પ્રાર્થના ચાલુ કરી બે વ્યક્તિઓએ મને પ્રાર્થના કરવા કીધું હતું તેથી તેમના માટે પણ પ્રાર્થના કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેમ છતાં મન નહોતું લાગતું એટલે પ્રાર્થના બંધ કરી અને બસ પ્રીતસંસ્કાર સામે જ જોઈ રહ્યો અને મારાં મુખમાંથી નીકળી ગયું કે હે પ્રભુ, સાચું ખ્રિસ્તી જીવન એટલે શું? સમજાવોને? ને અચાનક મારાં મનમાં કોઈ વિચાર નાખી રહ્યું હોય એવી મને ભીતિ થઈ.

અર્થશાસ્ત્ર અને કરંટ અફેર્સનો અભ્યાસ કરેલો એટલે મારાં મનમાં બાળકુપોષિત દર, બાળકને જન્મ આપનારી મહિલાઓનો કુપોષણને કારણે મૃત્યુઆંક, ગરીબી, બેરોજગારી, ધાર્મિક લડાઈઓ આ બધું મનમાં ભરેલું હતું અને પછી તો હું જાતે જ રિપોર્ટર બની પ્રીતસંસ્કાર આગળ બબડવા લાગ્યો કે હે પ્રભુ ઈસુ આ બધું શું છે આ લોકોને દયાની જરૂર છે તમારી દયા ક્યાં છે?

એક બાજુ મનમાં ચાલતું કે ચર્ચનાં પ્રવેશદ્વારની ઉપર જે ડિઝાઇનવાળી છત છે ત્યાં પ્રભુ ઈસુનું બે હાથ પહોળા છે તેવું સ્ટેચ્યુ છે. જે નિર્દેશ કરે છે કે "ઓ થાકેલાઓ ને ભારથી કાચડાયેલાઓ મારી પાસે આવો હું તમને વિસામો આપીશ." પણ આ જ સ્ટેચ્યુ આગળ તો મોંઘી ગાડીઓ અને બાઈકો લઈને લોકો આવે નવી જ છોડાવેલી ગાડીઓને પાર્ક કરી પછી ફાધરને કહે ફાધર આ નવાં વાહનને આશીર્વાદિત કરો ક્યાં થાકેલા અને ભારથી કાચડાયેલા ને ક્યાં આ એ.સી.માં બિંદાસ્ત આવેલા લોકો! બિચારા ઉપર હાથ ફેલાવીને ઉભેલા પ્રભુ ઉપર તો કોઈની નજર જ નહિ જતી હોઈ. ને હું આવું એકલો પ્રભુ આગળ બબડતો હતો ને ત્યાં અચાનક મારી નજર પ્રીતસંસ્કારની ઉપરની બાજુ સ્ટેન્ડ પર ઉભેલી સજીવન થયેલા ઈસુની મૂર્તિ પર પડી જાણે મારો આ પ્રશ્ન ઈસુને વ્યાજબી લાગ્યો હોઈ ને હસતા હોઈ એવુ લાગતું 'તું કેટલાક લોકો મોંઘા વાહનો લઈ ખુશી વ્યક્ત કરવા ચર્ચમાં હસતા મોઢે આવે તો કેટલાક મુશ્કેલીમાં રડતા ઘૂંટણ ટેકી પ્રાર્થના કરે, એ જ દેવળ જ્યાં લગ્નસંસ્કાર થાય ને ફટાકડા ફૂટે ને એ જ દેવળ જ્યાં સ્વર્ગલોક પામેલા વ્યક્તિને માટે અંતિમપ્રાર્થના થાય ને રુદન હોઈને આ વિચારોમાં મેં ઈસુને પ્રશ્ન કર્યો હે પ્રભુ, તમે કેમનું આ બધું સંભળાતા હશો? નિત્ય સહાયક માતાનાં સ્ટેચ્યુ આગળ નવાં જન્મેલા બાળક માટે આભારની પ્રાર્થના થાય કે હે માં તમારો આભાર અમારા ઘરમાં બાળકની ભેટ આપવા બદલ અને આરોગ્યદાયી માતાનાં સ્ટેચ્યુ આગળ કોઈ ગરીબ છોકરો ઉભો ઉભો રડતો પ્રાર્થના કરે કે હે માં, મારી માંનો કેન્સરનો છેલ્લો સ્ટેજ છે, ચાર-ચાર કીમો થેરાપી આપી છે બચાવી લેજો. હવે મેં આરોગ્યદાયીમાંનેય પૂછી લીધૂ કે હે માં તમે આ પરિસ્થિતિને કેમની સંભાળતા હશો? મેં માના ચહેરા સામે જોયું તો આગળ લગાવેલ કાચથી પ્રકાશ પરાવર્તિત થતો હતો જેથી માના ચહેરા પરનો ભાવ જોવા નજીક ગયો. માંનો ચહેરો દુઃખી જણાતો હતો. એક બાજુ કંકોત્રીને વાસ્તુને જન્મદિન ઉજવણીની પત્રિકાને બીજી બાજુ રડતા આંસુએ લખાયેલ દયાની યાચિકા અને એકદમ જ મારાં મનમાં એક વિચાર આવ્યો જેમ દલા તલવાડી વાડીને જાતે જ કહી,જાતે જ રીંગણાં લઈ લે તેમ મેં જાતે જ બોલવાનું ચાલુ

રાખ્યું. પ્રીતસંસ્કાર આગળ મુકેલા ચાર દૂતો વિચારતા હશે કે આનું મગજ ગયું છે. ને એ વિચાર હતો કે, 'આપણી માં કેવી છે ખબર છે તેને?' અને મેં મારાં જ મનને સામો પ્રશ્ન કર્યો,'કેવી છે?' અને મારા અંતરાત્માને જવાબ મળ્યો કે જયારે લગ્ન પ્રસંગ હોઈ ત્યારે સ્ત્રીઓ સુંદર વસ્ત્રો ધારણ કરી ચહેરો સજાવીને પંખા નજીક બેઠી હોઈ અથવા ફોટા પડાવવામાં વ્યસ્ત હોઈ ત્યારે આપણી માં તો કાના ગામનાં લગ્નપ્રસંગે રસોડામાં ફરે અને જેવી તકલીફ દેખાય તે ઈસુને કહે બેટા, આ પ્રશ્નનું નિવારણ લાવો. આવો લોકો માટે ચિંતા રાખવાનો સ્વાભાવ આપણી માનો હતો. તો પછી મેં મારાં મનને વળતું કીધું તો પછી માં ગરીબની જ પ્રાર્થના પહેલી સાંભળેને હાસ્તો વળી.

મને લાગ્યું કે આજે જ આપકી અદાલત જામી છે આજે હું ઈસુ અને માંને બંનેને પ્રશ્નો કરીને જ રહીશ...

મેં પ્રભુને પ્રશ્ન કર્યો કે, હે પ્રભુ,આપણા સમાજમાં ગરીબ, મધ્યમ અને અમીર ત્રણેય વર્ગ છે પણ મૂળ તો ખ્રિસ્તી જ ને,અને પ્રભુએ તો ગરીબોની વિશેષ કાળજી લીધી છે. મારાં જાણવા અનુસાર પ્રભુ ઈસુ જયારે સુથારી કામ કરતા હતા ત્યારે મળેલ આવક માંથીએ જરૂરિયાતમંદોને મદદ કરતા હતા. તો પછી આપણા સમાજમાં ગરીબ બાળકોનું શું જે લોકો શિક્ષણ માટે કોઈ આર્થિક સહાય મેળવી શકતા નથી. શિક્ષણ વિનાની અનામત શું કામની? મકાન તો બનાવ્યું પણ ધાબા પર જવા દાદરા ન બનાવ્યા તો એ ધાબુ શું કામનું? મેં પ્રભુ ને કહ્યુ પ્રભુ આ જ દેવળમાં બેસનારા લોકો પોતાનાં બાળકોને વિદેશ જવા અઢળક ખર્ચ કરે છે તેમના બાળકોના ઉચ્ચ શિક્ષણ માટે ખર્ચા કરે છે એમનાં માટે ખર્ચ કરે છે અને કોઈ ગરીબ માં-બાપ પોતાના બાળક માટે શિક્ષણની સહાય માંગવા જાય તો' અમારે અત્યારે આર્થિક તૂટ છે 'એવો જવાબ આપે. શું ગરીબ ખ્રિસ્તી બાળકોને ભણવાનો અધિકાર નથી? તો આ અસમાનતા કેમ? મેં ક્રુસ ઉપર જડેલા ઈસુનાં સ્ટેચ્યુને પ્રશ્ન કર્યોને એ સ્ટેટ્યું જોતાં જ મારાં મનમાં પ્રભુ એ જવાબ નાખ્યો, (કાલ્પનિક) પેલા વિધવા બેનનો ચમત્કાર ખબર છે (જે એમણે મને આભારની પ્રાર્થના હેતુસર જણાવેલો) ને એમની દીકરીને નર્સિંગમાં એડમિશન મળેલું અને 60,000 ફી ભરવાની હતી. એમનાં ઘરમાં પ્રતિષ્ઠિત અને શ્રીમંત તેમજ કહેવાતા ધાર્મિક લોકો હતા પણ કોઈએ એમને મદદ કરી નહિ અને આ જ બહેન ચર્ચમાં આવી રડતા રડતા આરોગ્યદાયી માંને પ્રાર્થના કરતા હતા કે હે માં, મારી દીકરીની ફી ભરવાની બધાંય સગાં-વહાલાઓએ ના પાડી દીધી છે મને મદદ કરો નહિતર મારી હોશિયાર દીકરીને સામાન્ય કોર્ષ કરવા પડશે. ને પાછળ જ પ્રાર્થના કરવા આવેલા એક નિવૃત શિક્ષકે આ પ્રાર્થના સાંભળી લીધી અને એ વિધવા બહેનને આશ્વાસન આપ્યું અને કહ્યું, 'બેટા, ચિંતા ન કરીશ. આ વર્ષે હું ને મારી પત્ની ઈસરાયેલ જવાનું વિચારતા હતા પણ સાચા ઈસુનાં દર્શન તો તારી દીકરીની ફી ભરીશુંને તો જ થશે.'ને એ બહેનએ શિક્ષકના પગે પડી અને માંનોને પ્રભુનો આભાર માન્યો અને મેં ઈસુની કૃસ ઉપરની મૂર્તિ તરફ 'હા' માં ડોકું ધુણાવ્યું. ત્યારબાદ કોઈક દંપતી ચર્ચમાં પ્રાર્થના કરવા આવ્યું એટલે મારી એકલતામાં ખલેલ પડી મેં પ્રભુ અને માંને નમન કરી ચર્ચમાંથી વિદાય લીધી પણ એ વિચારો તો એ બેસવાની બનાવેલ બેન્ચો પર જ હતા. ત્યારબાદ મેં એક વ્યક્તિ ને ફોન કર્યો જે પ્રાર્થનામાં છે.જે સતત પ્રાર્થનાઓ, આરાધનાઓ અને બીજા પંથની પ્રાર્થનાઓમાં સક્રિય છે અને ખાધે પીધે સુખી છે. મેં એમને કહ્યું કે,'આ પ્રાર્થનાઓમાં લોકો મોંઘા મોંઘા સ્ટેજ અને આટલું દાનર્પણ તેમજ સખ્ત ધર્મોપદેશ વગેરે ચલાવે છે તો પ્રભુ ઈસુ તો ક્યાં સ્ટેજ ઉપર સૂટ બુટ ચડાવીને બોલતા હતા? એતો હોડીમાં ઊભા ઊભા, પહાડ પર ઊભા ઊભા બોલતા હતા અને આ લોકો આટલો સરસ ઉપદેશ કરે છે તો લોકો કેમ ગરીબને ફક્ત એક

કિલો ચોખાને, પાંચ કિલો ઘઉં અને લીટર તેલ અને મીઠુ મરચું આપીને ખુશ થાય છે એતો સરકાર પણ રાસનમાં નથી આપતી? આપણા ખ્રિસ્તી ગરીબો ને બેરોજગારો નું શું?' પેલા પ્રાર્થનાવાળા ભાઈ તો અકળાયા કહે, 'ભાઈ તારો પ્રશ્ન સામાજિક છે ધાર્મિક નથી. ધાર્મિક બાબત હોઈ તો ફોન કરવાનો.' આવા શબ્દપ્રયોગો કરી એ ભાઈ છટકી ગયા. હું તો ડઘાઈ ગયો કે આ લોકોને તો ગરીબોની પડી જ નથી તો પછી એ પ્રાર્થના શું કરવાની? બાઇબલ કહે છે કે પ્રભુ પ્રભુ કરનારાઓ ને હું મારાં રાજ્યમાં સ્થાન નહિ આપું.

નોંધ : આ મારું મનોમંથન છે.

તથ્ય:-

આ મનોમંથનથી હું કેટલાક તથ્યે નિચોડ કાઢું તો, ખ્રિસ્તી ધર્મ ફક્ત ધાર્મિક ક્રિયાકાંડ કે મોટાં ઉત્સવોમાં દેવળમાં હાજરી કે તપઋતુએ દાઢી રાખવા પૂરતો સીમિત નથી પરંતુ એતો ઈસુ ખ્રિસ્તે શીખવેલા મૂલ્યો પર આધારિત છે.કેટલાય લોકો એ ધર્મસભા માટે લોહી વહેવડાવ્યું છે આજે આપણી ધર્મસભા સહી સલામત છે અને આપણે સરસ તૈયાર થઈ મોંઘીદાટ ગાડીઓ લઈ ચર્ચમાં જઈએ છીએ એની પાછળ વિવિધ ખ્રિસ્તીઓએ શહિદી વહોરી પોતાના ખૂન વહેવડાવ્યા છે.

- ગરીબોને ફક્ત કરિયાણાના 200-500 રૂપિયાની જરૂર નથી આપણા બાળકોને વિવિધ આર્થિક લાભ મળતા નથી અને વળી નબળી આર્થિક પરિસ્થિતિને લીધે ઉચ્ચ શિક્ષણ મેળવવુ અઘરું થઈ જાય છે માટે વિદેશમાં પોતાનાં સંતાનોને મોકલનાર મા-બાપ અને રૂ 6000ના નાઈકી ને એડીદાસના સૂઝ પહેરનારા આપણા યુવાન યુવતીઓને જણાવી દઉં કે નર્સિંગની વાર્ષિક 90,000, ગ્રેજ્યુએશનના વાર્ષિક 30000 થી 40000, ડોક્ટરી લાઈનમાં વાર્ષિક 10 લાખ કે તેથી વધારે, ઈજનેરી શાખામાં વાર્ષિક 70,000 કે તેથી વધારે અને આગળ જતા ફી ધોરણ વધશે, અને હા, વિદેશના 20 થી 25 લાખ કેમના ભુલાય? એટલે આપણે આ બધી બાબતોમાં સજાગ બનવાની જરૂર છે ગરીબોને ફક્ત પ્રાથમિક જરૂરિયાતો આપીને નહિ બલકે શિક્ષણ મેળવી પ્રતિષ્ઠિત વ્યક્તિ બનાવશો તો જરૂર ઈસુ તમને આશીર્વાદિત કરશે.

- ચર્ચમાં તેજસ્વી વિદ્યાર્થીનું સન્માન થયું તે વ્યાજબી છે પણ સાથે સાથે નિષ્ફળતાની છાયામાં બેઠેલાં લોકોનો સર્વે કરી વ્યક્તિગત મુલાકાત લેવી જરૂરી છે. કદાચ એ નિષ્ફળતામાં આશા ગુમાવી બેઠેલા ફરી જાગે.

- પ્રાર્થનાઓ, આરાધનાઓ અને ધાર્મિક સંમેલનો પોતાની કાનની ચળ મટાડનાર ન હોઈ, આપણા અધ્યાત્મિક જીવનમાં બળતણ સમાન હોવા જોઈએ.

- જન્મદિનની ઉજવણીને ઘર ઉદ્ઘાટનને ખ્રિસ્તપ્રસાદ વખતે ઉજવાતી ભવ્ય ઉજવણી, લગ્ન વખતે થતો ખર્ચો,મોંઘી હોટલોમાં જમવા જવુ, શેર બજારને, વિમાઓ પાછળ રોકાણ પર કાપ મૂકી ઈસુનાં મૂલ્યોને વળગી રહેજો. ખ્રિસ્તને ઉજવણીઓમાં રસ નથી ખ્રિસ્તને 'જીવતા જીવનો'માં વધુ રસ છે.

- ગુલાબમાળાના જેટલાં મણકા છે એટલા ગરીબોને મદદ કરો તોય ઘણું થયું.

ખ્રિસ્તએ પરમેશ્વરના પુત્ર છે અને યોહાનનો શુભસંદેશ 14માં અધ્યાયની આગળ છઠ્ઠી કલમ જણાવે છે તેમ તેઓ સત્ય છે.પ્રભુ ઈસુ જ સત્ય છે અને હું સંત પાઉલની ભાષામાં કહું તો સત્ય જ મને પ્રેરણા આપે છે અને હું સત્ય જ લખીશ. અહીં મેં પૂર્ણ સત્યતા ધરાવતા ક મુદ્દા તાક્યા છે હું વિનંતી કરું છું કે આપણે ખ્રિસ્તીઓ ખ્રિસ્તી થઈએ તો ઘણું.

# નાતાલ એક ખરા અંદાજમાં !

**" તારણહારા પ્રભુ અમારા આજ હવે તો આવો,
આંખોમાં અંધારા જામ્યા તેને દૂર હટાવો. "**

નાતાલ એટલે આપણાં સૌના વહાલા એવા પ્રભુઈસુનો જન્મની ઉજવણી કરવાનો સમય જે આપણે અલગ અલગ રીતે કરીએ છીએ પણ શું આપણને નાતાલનો સાચો અર્થ ખબર છે ખરો? નાતાલ એટલે જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનો સમય. જેવી રીતે આપણે નાતાલ વખતે ઘરે-ઘરે જઈને ક્રિસ્મસ કેરલ્સ કરીએ છીએ જેમાં સાંતાક્લોસ બધાને ચોકલેટ આપે છે, એ બહુ જૂની પ્રથા છે જેમાં ઘણા વર્ષો પહેલા સાંતાક્લોસ ધરતી પર આવીને નાના બાળકોને ભેટ સોગાત આપતા. આ પ્રથા એવું દર્શાવે છે કે, નાતાલને સમયે આપણે જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ.

નાતાલનો તહેવાર આવવાના એક મહિના પહેલા જ આપણા દરેકમાં અનેરો ઉત્સાહ આવી જતો હોય છે, નાતાલ એટલે આપણા અને પ્રભુ ઈસુની વચ્ચેના તાલને ઓળખવાનો સમય. નાતાલ આપણે અલગ અલગ રીતે ઊજવતા હોઈએ છીએ પણ વહાલા વાચકમિત્ર નાતાલને ઉજવવાની સાચી રીત જરૂરિયાતમંદોને મદદ કરવાની છે. નાતાલમાં આપણે આપણા ઘરની સફાઈ કરીએ છીએ અને તેને સ્વચ્છ બનાવીએ છીએ અને ત્યારબાદ તેને શણગારીએ છીએ, પણ આપણે આપણાં હૃદયમાં રહેલી ગંદકી દા.ત. ગુસ્સો, અદેખાઇ, વેર-ઝેર, અભિમાન, કપટ, વગેરે જેવી ગંદકીને સાફ કરીને આપણાં હૃદયને સાફ બનાવીએ છીએ ખરા? અને આપણાં હૃદયરૂપી ગભાણમાં પ્રભુ ઈસુને સ્થાન આપીએ છીએ ખરા? તે વિષય પર આપણે મનનચિંતન કરવાની જરૂર છે.



જેથી કરીને નાતાલ આવે ત્યારે આપણે તેની ખરા અંદાજમાં ઉજવણી કરી શકીએ.

નાતાલ એટલે ખુશીઓનો તહેવાર છે તેથી આપણે સૌ એક-બીજા સાથે મળીને તેને મનાવવો જોઈએ, જેઓ શોકમાં ડૂબેલા છે તેમને દિલાસો આપીએ, તેમની સાથે થોડો સમય પસાર કરીએ, તેમના જીવનમાંથી શોકરૂપ અંધકાર દૂર કરીએ અને આનંદરૂપી પ્રકાશ ભરી દઈએ. આપણે બીજાને ફક્ત આર્થિક રીતે જ મદદરૂપ ન થઈએ બલકે જેની જેવી જરૂર છે તે મુજબ મદદરૂપ થવાનો પ્રયાસ કરીએ.

તો ચાલો આ વર્ષે આપણે સૌ નાતાલ એક નવા નહીં પરંતુ એક ખરા અંદાજમાં ઉજવવાનો પ્રયત્ન કરીએ.

# ખ્રિસ્તજયંતિ એ ક્ષમાનું આભૂષણ

૨૦૨૩ વર્ષ પહેલાં એક ક્રાંતિકારી બાળકનો જન્મ બેથલેહેમ ગામે થયો. શોષિત વર્ગમાં ઉછરેલ તેમજ તેના અવતરણને લઈ તેના મા-બાપ યોસેફ અને મરિયમને અસહ્ય યાતનાનો ભોગ બનવું પડેલ. કુંવારી માતા બનવું તે સમયે કલ્પના કરવું જ અશક્ય હતું.યોસેફ-મરિયમના સંતાનને પવિત્ર આત્મા દ્વારા જગતના ઉદ્ધાર માટે મોકલવામાં આવેલ તે યુવા ક્રાંતિકારી ઈસુએ જગતને વિવિધ નવીનતમ વાતો પરચા સહિત કરી હતી. માણસોને માણસ તરીકે સ્વીકારવાનું તે સમયમાં તે સમાજના સામાન્ય પ્રવાહથી અલગ તેમજ પરિવર્તનની દિશામાં ક્રાંતિકારી પહેલ કરવાની કામગીરી કરીને સમાજને નવો માર્ગ ચીંધ્યો. આજે તેના પરિણામ સ્વરૂપે આખા જગતમાં ખ્રિસ્તમાં માનનારી અગણિત સંસ્થાઓ અવિરત સેવાકીય, શૈક્ષણિક, આરોગ્યલક્ષી તથા વિવિધ પ્રવૃતિઓ કરી રહેલ છે તેમજ માનવને માનવ તરીકે સ્વીકારવાનો સંઘર્ષ કરે છે. તેના ફળસ્વરૂપે આપણા ગુજરાતમાં કહેવાતી કચડાયેલી શોષિત જાતિના લોકોનો ઉદ્ધાર શિક્ષણ દ્વારા થાય તે માટે પુરોહિતોએ પ્રભુતામાં પગલાં માંડેલા તેના આજે વિશાળ વટવૃક્ષ આપણી નજરો સમક્ષ છે જ અને તેનો મુખ્ય શ્રેય ઈસુ સાથેના જોડાણને જ આભારી છે.

જે ઈસુએ દેવાલયોમાં વેપારીકરણનો વિરોધ કરેલ તેમજ ખોટી રૂઢિઓ તથા શોષણનો મક્કતાપૂર્વક વિરોધ કરેલ અને પોતે પણ યાતનાઓ વેઠેલ અને અસહ્ય દુઃખ વેઠીને લોકોના હિતમાં પોતાની જાતને આપી જે કલ્પના બહારનું કૃત્ય છે.તેમાં પણ જેઓએ તેમને ભાલા માર્યા, કાંટાળો મુગટ માથે મૂક્યો, કોરડા માર્યા અને છેવટે તેમને બન્ને હાથે અને પગે ખિલ્લા ઠોકી ક્રુસ પર લટકાવ્યા તે જે તે સમયની સૌથી ખરાબ સજા હતી.તે સજા આપનારને પરમેશ્વરના પુત્રએ તેજ સ્થળ પર માફી આપી અને કહ્યું કે હે પિતા આ લોકો શું કરે છે તેનું તેમને ભાન નથી માટે આ લોકોને તું ક્ષમા આપ અને ત્યારબાદ પોતાનો દેહ અસહ્ય વેદના વેઠી છોડે છે અને મૃત્યુને ભેટે છે. એવા સાહસિક પરમ સત્ય ઈસુના જન્મને શું આપણે સાચી રીતે મનાવીએ છીએ ? શું ઈસુના વચનનો આપણે રોજિંદા જીવનકાર્યમાં અમલ કરીએ છીએ ખરા ? ઈસુના શુભસંદેશમાં તેમજ ખાસ રીતે નવા કરારમાં પૃથ્વી પર જીવતા તમામ જીવ માટે મુક્તિનો સંદેશ છે ત્યારે ઈસુજયંતિ પર એકાદ કલમ જીવનમાં ઉતારીએ તો આપણે ખરા અર્થમાં તેની ઉજવણી સાર્થક કરી એમ કહેવાય. ઈસુ તો સમગ્ર માનવજાત માટે સર્જાયેલ પરંતુ તેને ફક્ત અમુક જ વર્ગ પૂરતો સીમિત કરવામાં આવ્યો.

ઈસુના ઉપદેશકો ખરેખર ઈસુના મૂલ્યોને અનુસરે તો ધર્મસભામાં પુનઃ જીવંત ધબકારા આવે તેવું લાગે. દિન દુઃખિયા માટે સર્જાયેલ ઈસુના અનુયાયીઓ તેજ વિચાર વર્તન સાથે જીવન જીવવાનો પ્રયાસ કરે તો ઈસુજયંતિની ઉજવણી સાચા અર્થમાં ગણાશે.

ઈસુના ક્ષમાનું આભૂષણ વિશ્વમાં અલગ જ રીતે ભાવ વ્યક્ત કરે છે. જો અસહ્ય વેદના, અસહ્ય પીડા, ત્રાસને હેરાનગતિઓ સહન કરીને પણ તે આવું ક્ષમા આભૂષણ પહેરી માનવજાતને જે સંદેશા આપે છે. તે ખૂબ જ ઉપયોગી જીવનમાં ઉતારવા જેવું છે માટે આવો આપણે ઈસુજયંતીના આ પર્વને ટાણે યોગ્ય પ્રાયશ્ચિત દ્વારા જાણે કે પુનઃજન્મ પામ્યા હોય તેવી ઈસુ સમક્ષ ક્ષમા યાચી યોગ્ય ઉજવણી કરીએ.

ઈસુના પહેલા સૃષ્ટિનું સર્જન ઈસુના અવતારથી માનવજાત કાજે ૩ વર્ષમાં જ જગતમાં જે નવી રાહ ચીંધી તે અવિસ્મરણીય છે.માનવઉદ્ધાર માટે ૩૩ વર્ષના યુવા ક્રાંતિકારીએ પોતાનું બલિદાન આપ્યું. આજે આપણી પાસે તેના સારા કાર્યોની રૂપરેખા છે. શું આપણે કંઇક ચૂક કરી રહ્યા તો નથીને માટે આવો આ ઈસુ જયંતિ નિમિત્તે પુનર્વિચાર કરી ઈસુના મૂલ્યને ચરિતાર્થ કરીએ અને તેનું અનુકરણ કરીએ.કર્મકાંડની જગ્યાએ ફક્ત કર્મ કરી ઈસુજન્મ જયંતિના અવસરે ભાવભીની હકારાત્મક ભાવના સાથે ઈસુના મૂલ્યોને અનુસરીએ.

ઇસુનું ક્ષમાનું આભૂષણ તમામ ખ્રિસ્તમાં માનનારાઓએ અનુસરવું જ જોઈએ તો જ આપણા તારણહારને યાદ કરી તહેવાર ઉજવવો આપણા સૌ માટે ચરિતાર્થ થશે.






# ફરક

શું તમને યાદ છે એ દિવસો જ્યારે પૈસા ઓછા હતા પણ આનંદ ભરપૂર હતો,સગવડો ઓછી હતી પણ સુખ ભરપુર હતું?

હા... વ્હાલા મિત્રો હું વાત કરું છું નાતાલ પર્વની ઉજવણીની!!! વર્ષમાં એક જ વાર ખરીદી કરવાની કપડાં ચંપલ કે અન્ય, કુટુંબ સાથે બજારમાં જવાનું નાની વસ્તુઓ ખરીદવાની,વાંસનો તારો બનાવવાનો,રાત્રે ઘૂઘરા-પુરી-લાડવા બનાવવાના, ખાંડણીનો અવાજ આજુબાજુના પાડોશીઓના ઘરેથી સંભળાય અને આનંદમાં વધારો થાય. ઘરમાં રાત્રી-જાગરણ બાળકોનુ ટોળે વળી બેસવુ... ક્યારે મને લાડવો કે પુરી મળે. એની મજા.. ઘર રંગરોગાન માટે જાતે જ ચુનો પલાળવાનો એમાં આવતો ઉભરો જોવાની બસ આવી તો અનેક અને અસલી મજા નાતાલની તો હો!!!

એક સાડી કે શર્ટ આખા ફળિયા કે ચાલીમાં બતાવી વટ પાડવાની મજા હો!!!

આજે આપણે આપણા જન્મદિવસમાં મન મૂકીને ખર્ચ કરીએ ઘર શણગારીએ પણ આ આપણા તારણહારના જન્મદિવસની ઉજવણી કેવી... બધું મળી ગયું અને ભરપૂર માત્રામાં મળી ગયું. કપડાઓનો ખડકલો, જાત જાતની વાનગીઓ બારેમાસ, સુંદર સુવિધાઓ વાળા ઘર ગાડી ...અને છતાં ક્યાંક કંઇક ખૂટે છે.

બાળકો, યુવાનો અને વડીલો બધા કોઈ એવી દુનિયામાં ખોવાઈ ગયા છે, જ્યાં સુખ, સગવડો છે, પણ ખરો આનંદ નથી.

આ આનંદ લાવવો ક્યાંથી..?

આજે પણ એવા ઘર છે જ્યાં આપણે જવાની જરૂર છે આપણી પાસે જે કંઈ છે તેમાંથી કપડાં, મીઠાઈ કે રોજીંદા જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમને આપીએ. ચાલોને કોઈ એકલવાયું જીવન જીવતા વડીલોની મુલાકાત કરીએ. ચાલોને આપણા જ તાબામાં જરૂરિયાતમંદ બાળકોને મદદ કરીએ કે જેથી તેઓ પણ નાતાલ ઉજવી શકે. ચાલોને આપણા પરિવાર અને સમાજમાં એકતા આ નાતાલ પર્વને ટાણે લાવવાનો પ્રયાસ કરીએ.

નવા કપડાં પહેરીને ચર્ચમાં જવાથી કે જાત-જાતની વાનગીઓ ખાવાની મજા એ જ નાતાલ સમજી બેઠા છીએ તેની જગ્યાએ આવો આ વખતે કંઇક જૂનું જ પરંતુ નવા અંદાજમાં કરીએ ...

**આપણા I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંતના યુવાન યુવતીઓ જો વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલ ન હોય તો નીચેના નંબર ઉપર સંપર્ક સાધવો.**

**+91 99742 04136**

**Fr. Edwin Anand**
**( Youth Director of Ahmedabad Diocese)**

**આ વોટ્સએપમાં ગ્રુપ દ્વારા તમને આવનાર કાર્યક્રમ અને જરૂરી માહિતી પ્રાપ્ત થશે.**


Indian Catholic Youth Movement
(Diocese Of Ahmedabad)
Children's Day


Teeneger's Day

# કિશોરદિનની ઉજવણી

**સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ગામડી-આણંદ ખાતે "કિશોર દિનની" ઉજવણી કરવામાં આવી.**

તારીખ ૫ નવેમ્બર ૨૦૨૩ના રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ગામડી-આણંદ ખાતે કિશોર દિનની ઉજવણીનો કાર્યક્રમ I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત દ્વારા યુવા સંયોજક ફાધર એડવિન આનંદના નેતૃત્વ હેઠળ રાખવામાં આવ્યો હતો.જેમાં મોટી સંખ્યામાં ધોરણ ૯ થી ૧૨ના કિશોરોએ ભાગ લીધો હતો.

શરુઆતમાં રજિસ્ટ્રેશન તેમજ હળવા અંદાજમાં કિશોરોની ઇન્ટરવ્યૂ દ્વારા રેડ કાર્પેટ બિછાવવામાં આવી હતી. YU4C ગુજરાતની ટીમ દ્વારા પ્રાર્થનાગીતથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આઇસબ્રેકિંગ તેમજ એક્શન સોંગ રજૂ કરાયા હતા.

અમદાવાદ ધર્મપ્રાંતના વિકાર જનરલ ફાધર વોલ્ટરે પ્રાર્થના દ્વારા ઉત્તમ ધ્યેય સાથે પધારેલ બાળકોને આવકારી આઇ.સી.વાય.એમના મહત્વના કાર્યને બિરદાવ્યું હતું.આ પ્રસંગનું દિપપ્રાગટ્ય દ્વારા ઉદ્ઘાટન કરાયું હતું.ફાધર એડવીન દ્વારા સહુનો શાબ્દિક આદર-સત્કાર અને સ્વાગત કરવામાં આવ્યું હતું.સેન્ટ જોસેફ દેવાલય, મણીનગર તાબાના કિશોરજૂથ દ્વારા તેઓના પોતાના દ્વારા રચાયેલ ગીત પર જ સુંદર ભક્તિ-નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

અમદાવાદ ડીનરીના ડીન તેમજ બાળકોને પ્રિય એવા ફાધર સિરિલ ડાયસ દ્વારા કિશોરોને ગમે તેવા અંદાજમાં સેશન આપવામાં આપ્યું હતું.જો કોઈને જ્ઞાન અને માર્ગદર્શનની જરૂર હોય તો તે ટીનેજર્સ છે.' ભગવાન તમને પ્રેમ કરે છે એટલે તમે અહીંયા છો.' એવું સૂત્ર આપવામાં આવ્યું હતું તેમજ પોતાના જીવન પ્રત્યે સભાનતા કેળવવા માટે આહવાન કર્યું હતું.

પ્રથમ સેશન બાદ હાજર કિશોરો તેમજ સર્વેની યાદગીરી માટે ગ્રુપ ફોટો તેમજ ત્યારબાદ વિમલ મરિયમ સ્કૂલની બાળાઓ દ્વારા 'લુક્કા છુપી ' ગીત પર સુંદર નૃત્ય રજૂ કર્યું હતું.

બીજું સેશન અર્ચન દિનેશ દ્વારા આપવામાં આવ્યું હતું.જેમાં સ્વવિશ્વાસ તેમજ વિશેષ રીતે કિશોરોને સમજણ પડે તેવા રમુજી અંદાજમાં વિવિધ ઉદાહરણ દ્વારા પ્રગતિના પંથે આગળ જવા માર્ગ ચીંધ્યો હતો.ઉપરાંત સ્ટીવન મેકવાને પણ જીવન ધ્યેયની સમજ આપી હતી.

સેન્ટ જોસેફ દેવાલય,મણીનગરના સહાયક સભા પુરોહિત તેમજ મૂળ આણંદના જ ફાધર હેન્સલ દ્વારા કિશોરો માટે પરમયજ્ઞ દરમિયાન બોધમાં "ઈસુએ આપણને પોતાના પ્રતિનિધિરૂપ બનાવ્યા હતા પરંતુ આપણા પાપને કારણે આપણે તેમનાથી દૂર થયા છે તેમ છતાં વિવિધ આધ્યાત્મિક પ્રવૃતિ દ્વારા તેમની નજીક જઈ શકાય છે' તેથી એજ રસ્તે સતત આગળ જવા હાકલ કરી હતી.

બપોરના ભોજન બાદ YU4C ગુજરાત દ્વારા ફરીથી એક્શન સોંગ કરાવી કિશોરોને નાચગાન કરાવ્યું હતું. ત્યારબાદ ત્રીજું સેશન સ્ટીવન સાહેબ દ્વારા લેવામાં આવ્યું હતુ જેમાં તેમણે કિશોરોને પસંદ પડે તેવી જીવન ઉપયોગી યોગ્ય સમજાવટ કરી હતી.

# Teenager's Day 2023

કાર્યક્રમના સૌથી મહત્વનો તબક્કો એટલે કે આરાધના જેની જવાબદારી અમૃતધારા ડોન બોસ્કોના રેકટર ફાધર અશ્વિન મેકવાને અદા કરી હતી.જેમાં તેમણે પ્રાર્થનાસભર વાતવરણ તેમજ ભજનો તેમજ આરાધનાનું જીવનમાં શું મહત્વ છે તે તેમજ સાથોસાથ આરાધના દરમિયાન કિશોરોને આત્મિક ભાથારૂપે વિવિધ પુરોહિતોની મદદથી પ્રાયશ્ચિત સંસ્કાર તેમજ જેમને પોતાના જીવન અંગે કોઈ પ્રશ્ન હોય અથવા મુશ્કેલી હોય તેમને વિવિધ સાધ્વીબહેનો તેમજ તજજ્ઞો દ્વારા યોગ્ય માર્ગદર્શન તેમજ સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા.

સેન્ટ જોસેફ સેમિનરી,નડિયાદના બ્રધર્સ દ્વારા એક નાટિકા રજૂ કરવામાં આવી હતી જેમાં કોઈપણ પરીસ્થિતિમાં ઈસુના નામે ચાલવું તેમજ તેની હાકલ સ્વીકારી શક્ય હોય તો સંન્યસ્ત જીવનના માર્ગ વિશે પણ માહિતી તેમજ ધર્મસભા માટે હું શું કરી શકું તેવું વિચારવા આહવાન કર્યું હતું.

અમદાવાદ ધર્મપ્રાંતના નવનિયુક્ત યુવા સંયોજક ફાધર એડવિન આનંદના માર્ગદર્શન હેઠળ આ વર્ષે આપણા કિશોરોમાં રહેલી પ્રતિભા તેમજ આવડતને સમાજ સમક્ષ લાવવા માટે "ટીનેજ સેંસેશન એવોર્ડ"ની શરૂઆત કરવામાં આવી હતી.આ અંગે ઓફિસ બેરર મેન્ટર શૈલેષ રાઠોડ તેમજ ડૉ. પ્રીતિબેન રાઠોડે માહિતી આપી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ "મલાલા"નિંદર્શિત કરી ટીનએજર્સની શક્તિઓની સમજ આપી એવોર્ડ અને સન્માનની જાહેરાત કરી હતી.જેમાં ધોરણ ૧૦માં ૯૦ ટકા કરતાં વધારે મેળવ્યા હોય તેમનું સન્માન કરવામાં આવ્યું હતું જેની માહિતી નીચે મુજબ છે.

૧) પ્રાચી પરમાર – ૯૪ %
૨) પર્લ પરમાર – ૯૨ %
૩) જોશુઆ મેકવાન – ૯૦ %



આધુનિક સમયમાં કિશોરોને વિશેષ રસ પડે તે માટે એક વિશેષ મિમ સ્પર્ધા રાખવામાં આવી હતી તેના ત્રણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા જેમાં અનુક્રમે પ્રથમ કોલિન મકવાણા, દ્વિતિય ધવલ પરમાર તેમજ તુતિય દેવ પરમાર રહ્યા હતા.જેમાં મહેમાન તરીકે અર્ચન દિનેશ, મનોજભાઈ મેક્વાન, ઇલાબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

અંતે ફાધર એડવિન આનંદ દ્વારા સૌપ્રથમ પિતા પરમેશ્વર તેમજ ત્યારબાદ સેન્ટ ઝેવિયર્સ દેવાલય, ગામડી-આણંદના ફાધર કિશોર ગાવિત એસજે તથા તેમની ટીમ તેમજ તેમજ અલગ અલગ તાબામાંથી આવેલ વિવિધ ફાધર, સાધ્વીગણ, મંચસ્થ મહાનુભાવો તેમજ ગામડી-આણંદ તાબાના યુવાનોની સ્થાનિક ટીમ તેમજ I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત ટીમનો તેમજ નામી અનામી જેમણે આ કાર્યક્રમને સફળ બનાવવા સાથ સહકાર આપ્યો હોય તે સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.અંતમાં ગરબામાં સહુ બાળકો અને આયોજકો જોડાયા હતા.

# બાળદિનની ઉજવણી

Children's Day 2023

**ભારતીય કેથોલિક યુવા ચળવળ દ્વારા અમદાવાદ ધર્મપ્રાંતના બાળકો માટે બાળદિનની ઉજવણી કરવામાં આવી.**

તારીખ 14 નવેમ્બર, 2023 ના રોજ નિત્ય સહાયક માતા ધામ ખાતે ભારતીય કેથોલિક યુવા ચળવળ દ્વારા અમદાવાદ ધર્મપ્રાંતના બાળકો માટે બાળદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં અમદાવાદ ધર્મપ્રાંતના કુલ 22 તાબાઓમાંથી ધો. 4 થી 8 ના મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ બાળકોમાં આત્મવિશ્વાસ વધે સાથે સર્વાંગી વિકાસ થાય, સંસ્કાર ઘડતર અને શિક્ષણનું જ્ઞાન અંગેનો હતો.

બાળદિનની શરૂઆત રેડ કાર્પેટ અને Ice Breaking થી કરવામાં આવી હતી. પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા પોગ્રામને ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો.

બાળકોના કુલ 04 ગ્રુપ પાડવામાં આવ્યા અને તેમાં અલગ અલગ વક્તાઓ દ્વારા 1) સહ અભ્યાસી પ્રવૃતિ શિક્ષણ 2) બાઇબલ 3) ખ્રિસ્તયજ્ઞમાં ઉપયોગ થતી વસ્તુઓ અને વેદીસેવકનું કાર્ય 4) ગુલાબમાળાનું મહત્વ જેવા વિષયો પર અલગ અંદાજમાં બાળકોને સમજ આપવામાં આવી હતી.

ફા. જીગ્નેશ (OCD) દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં ફાધર દ્વારા નાના કાર્યો,નાની શરૂઆત, નાના નિર્ણયો અને સ્વ-સંયમ, સ્વ-પ્રેરણા અને સ્વમાન વિશે સમજ આપવામાં આવી હતી.



બપોર પછી કુલ 7 તાબાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. ફા. એડવિન આનંદ દ્વારા બાળકોને પૂછવામાં આવ્યું કે તમે શું શીખ્યા? મોટા ભાગના બાળકોએ જવાબ આપ્યો હતો.

અંતે સન્માન સમારોહમાં જે પણ દાતાશ્રીઓ મદદરૂપ બનેલ છે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. કુલ બે બાળકોને ઉભરતે સિતારે એવોર્ડ અને કુલ ત્રણ બાળકોને ટીનેજર્સ સેન્સેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ફા. એડવિન આનંદ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને બાળકો ડાન્સ - ગરબા ગાઇને છૂટા પડ્યા હતા.

પોગ્રામની સફળતા પાછળ I.C.Y.M. ટીમ, સ્થાનિક ધર્મજનો, વક્તાઓએ અને દાતાઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# I.C.Y.M. અમદાવાદ નવી સમિતિની રચના




I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંતના દ્વારા નવી સમિતિ માટે સૌ પ્રથમ ધર્મપ્રાંતના બધા તાબાઓમાંથી યુવા પ્રતિનિધિઓની એક તાલીમ બાકરોલ ખાતે રાખવમાં આવી હતી તેમજ તાલીમ બાદ કિશોરદિન અને બાળદિનની જવાબદારી યુવા પ્રતિનિધિઓને સોંપવામાં આવી હતી.

જે જે યુવાન-યુવતીઓએ નવી સમિતિની રચનામાં અલગ અલગ જવાબદારી સ્વીકારવા માટે રસ દાખવ્યો હતો અને બંને કાર્યક્રમોમાં બજાવેલી જવાબદારીઓના આધારે યુવા સંયોજક ફાધર એડવિન આનંદ તેમજ મેન્ટર શૈલેષ સાહેબ તેમજ પ્રીતિ મેડમ દ્વારા અલગ અલગ પાસાઓનું મૂલ્યાંકન કર્યું હતું. બાળદીનના કાર્યક્રમ બાદ પ્રાર્થનાભર્યા વાતાવરણમાં નિત્ય સહાયક માતા મરિયમ દેવાલય, ચાવડાપુરા ખાતે નવી સમિતિની રચના લોકશાહી ઢબે થઈ. ત્યારબાદ નવી સમિતિની જૂથ તસવીર લેવામાં આવી હતી અને પછી સર્વ છૂટા પડ્યા હતા.

## સૂચના

**જે બાળકો, કિશોરો અને યુવાઓ ઉનાળુ સ્પોકન ઇંગ્લિશ કેમ્પમાં આવવાની ઈચ્છા ધરાવતા હોય તેઓ ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ફાધર એડવિન આનંદનો સંપર્ક સાધી શકો છો. જેથી યોગ્ય આયોજન કરી શકાય.**

( છોકરા - છોકરીઓની રહેવા જમવાની સગવડ કરવામાં આવશે.)

# XVII National Catholic Charismatic Convention.

During the XVII National Catholic Charismatic Convention, I, along with 10 youth from the Ahmedabad Diocese, experienced a spiritually enriching journey from November 11th to 13th, 2023.

The convention's theme, "Enlarge the place of your tent. Do not hold back" (Isaiah 54:2), set the tone for an impactful event.

Day 1: The convention started with a Rosary led by Father Mahimeraj, followed by a session of Praise and Worship guided by Pune YU4C. Cardinal Oswald's Mass on the theme of 'Renewal: An Invitation into the Communion of the Holy Trinity' was a highlight, featuring a Prayer dance and a touching vote of thanks by Sr. Paulina. The day concluded with a dinner gathering.

Day 2: The second day began with a Rosary led by different regions and a session of Praise and Worship by YU4C Mumbai. Talks by Br. Colin Clamiano on repentance and Fr. Paresh on "Jesus : The Model in the Present World" were insightful. Holy Eucharist, skits, inner healing sessions, and performances by Sheldon Bangera's Band filled the day with spiritual growth and joy.

Day 3: The final day commenced with a Rosary and praise led by different regional groups, followed by a powerful talk on the "Gospel of Life" by Fr. Bobby. Testimonies and prayers by YU4C Goa, along with a talk on the "Mystery of the Cross" by Br. Cyril John, provided profound reflections. The Convention concluded with group pictures before heading back, leaving us with a truly fruitful three-day experience.

The three days were a blend of prayer, worship, insightful talks, uplifting performances, and moments of spiritual reflection. The convention's theme, "Enlarge the place of your tent. Do not hold Back," from Isaiah 54:2, became a guiding principle for each of us, urging us to expand our spiritual horizons. Over the course of these

three days, an undeniable transformation took place within us,forging a profound and lasting bond with our spiritual selves. The immersive experiences of the National Convention not only deepened our spiritual connections but also etched into our hearts enduring memories of a convention that was genuinely fruitful and spiritually enriching.

The three days were undeniably transformative, deepening our spiritual connection and leaving us with lasting memories of a truly fruitful National Convention.



As we departed with group pictures in hand, the memories of this National Convention will forever remain a source of spiritual growth and inspiration.




# ૧૮મું પૂના સંમેલન

18મું રાષ્ટ્રીય કેથોલિક કરિશ્માઇ સંમેલન પુના ખાતે રાખવામાં આવેલું હતું. જેનો મુખ્ય વિષય 'તારો તંબૂ વિશાળ બનાવ, તારા તંબૂના પડદા પહોળા કર, તેની દોરી ઠેઠ સુધી લંબાવ, અને ખૂંટા બરાબર ઠોકી દે'. હતું. વિવિધ રાજ્યના લગભગ ૫૦૦૦ લોકોએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. જેમાં ગુજરાતના લગભગ ૨૫ જેટલા લોકોએ ભાગ લીધો હતો.

સંમેલનની શરૂઆત માતા મરિયમની પવિત્ર ગુલાબમાળા થી કરવામા આવતી. જેમાં અલગ અલગ રાજ્યના લોકો પોતાની માતૃભાષામા પવિત્ર ગુલાબમાળા બોલાવતા હતા. ત્યારબાદ અલગ અલગ બેન્ડ Praise And Worship મા દોરતા. તમામ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું.સિસ્ટર પોલીના (Secretary CNSC) દ્વારા સંમેલનની જાણકારી આપવામાં આવી હતી.

વિવિધ વક્તાઓ દ્વારા સમજવામાં આવ્યું કે આપણા જીવનમાં પ્રાયશ્ચિત નું મહત્વ શું છે, પવિત્ર આત્માના વરદાનો ,પશ્ચાતાપ ના ફળો, પ્રભુનો સુસમાચાર કેવી રીતે ફેલાવવો,માફી અને પશ્ચાતાપનો તફાવત, શુદ્ધિકરણ, પવિત્રતા, ઉદારતા, 'metanoia' (પસ્તાવો અથવા આધ્યાત્મિક રૂપાંતરણના પરિણામે વ્યક્તિની જીવનશૈલીમાં ફેરફાર) , પ્રભુની યોજના તમારી યોજના કરતાં વધુ સારી છે , પ્રભુનું કાર્ય શુ છે. ખ્રિસ્તી ધર્મ વિશે સમજવામાં આવ્યું કે ખ્રિસ્તી ધર્મ એ નથી કે તમે દર રવિવારે દેવળમા જાવ, જીવનદાયી રોટી લો. સાચો ખ્રિસ્તી ધર્મ તો એ છે કે તમે પ્રભુના વચનો સમજો અને એને ફેલાવો. પ્રભુએ જેમ નમ્રતાનો પાઠ શીખવ્યો છે, પ્રેમનો પાઠ શીખવ્યો છે તે આપણે ફેલાવું જોઈએ. પ્રેમ, પૈસા અને સફળતાનું ઘમંડ ના હોવું જોઈએ. ત્યારબાદ અલગ અલગ લોકોના જીવન વિશે જાણવા મળ્યું કે એ પહેલાં પ્રભુમાં ન હતા પણ પ્રભુમાં આવવાથી કેવી રીતે એમનું જીવન બદલાય ગયું. ત્યારબાદ ત્યાં ઉપસ્થિત બધા લોકોને સ્તુતિ આરાધનામાં દોરવામાં આવેલા અને તેના કારણે કેટલાક ચમત્કાર પણ જોવામાં આયા.



ત્યાં ઉપસ્થિત બધા લોકોના જીવન માં શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને મનોવૈજ્ઞાનિક ફેરફારો જોવા મળ્યા. ત્યારબાદ 'સંગીતમય સાંજ' દ્વારા અલગ અલગ બેન્ડ દ્વારા ભક્તિમય વાતાવરણ ઊભું કરવામાં આવતું.

આમ તો આ મારું પહેલું કેથોલિક કેરેસમેટિક સંમેલન હતું. પરંતુ એમા હું ઘણું બધુ શિખ્યો, ઘણું બધુ જાણ્યું. આ સંમેલન દરમ્યાન પ્રભુ તરફ વધારે દોરાયો. મારી શ્રદ્ધા પ્રભુ તરફ વધારે દ્રઢ બની. મારામા ઘણા બધા પરિવર્તનો આવ્યા. અને આપણી શ્રદ્ધા કેવી રીતે મજબૂત કરવી. નાની નાની બાબતોમાં આપણે આપણી શ્રદ્ધા ગુમાવી બેસીએ છીએ. અને આપણે નમ્રતા, દયા અને મમતા રાખવી જોઇએ. અંતે એક વાત તો નક્કી જ છે કે આ સંમેલન અમ સર્વ માટે જીવનભર યાદગાર બની રહેશે.

# પવિત્ર આત્મા દેવાલય,લીમડાપુરા યુવાદિન

## Holy Spirit Youth Limdapura
## Youth Day

### અમે ધર્મસભાના સાથી...








- હોલી સ્પિરિટ યુથ, લીમડાપુરા દ્વારા **૧૯મી નવેમ્બર**ના રોજ લીમડાપુરા તાબાના નવ ગામોના યુવાઓ દ્વારા **"યુથ ડે"** ઉજવાયો.
- ઈશ્વર નજીક આવવાની યુવાઓએ ખાસ જરૂર છે તે ઉદ્દેશથી **"અમે ધર્મસભાના સાથી"** એવા આવકારભર્યા શબ્દો સાથે સૌને હાજર રહેવાનો પ્રકલ્પ રહ્યો હતો.
- કાર્યક્રમનું આયોજન લીમડાપુરા તાબાના સભા પુરોહિત ફા.લૉરેન્સના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ભાવેશ(કાસોર), નીતિનભાઈ (સામરખા) અને તાબાની યુવા ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં **૪૦ જેટલા યુવક–યુવતીઓ તથા બાળકોએ** વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરી હતી.
- મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ– નવરંગપુરાના શ્રીમતી ઈન્દુબેન રાવ તથા તેમના પતિશ્રી આનંદ રાવ કે જેઓ બંને સામાજિક કાર્યકર છે તથા અમદાવાદ ધર્મપ્રાંત I.C.Y.M. ના યુથ ડિરેક્ટર ફા. એડવિન, કેવિન(પ્રેસીડન્ટ) અને તેમની ટીમ તથા આણંદ માનવ કલ્યાણ મંડના પ્રમુખ શ્રી અશોકભાઈ મેકવાન તથા સેક્રેટરી શ્રી માર્ટીન મેકવાન તથા લીમડાપુરા તાબાના ભૂતપૂર્વ યુવાઓ શ્રી હેમંતકુમાર બી. તલાટી (સિનિયર લેબર ઑફિસર અને વહીવટી અધિકારી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, નડીઆદ), શ્રી સંજયકુમાર એસ. ખ્રિસ્તી (જિલ્લા કૉ– ઑર્ડિનેટર, સમગ્ર શિક્ષા, શિક્ષણ વિભાગ, આણંદ) તથા શ્રી પિનાકીનભાઈ બી. મેકવાન (એમ.એ. બી.એડ્. ઇંગ્લિશ ઇ.એલ.ટી, પ્રિન્સીપાલ, શ્રી સરસ્વતી વિદ્યાલય હાઈસ્કૂલ, સૈયત– ડાકોર) નાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમને માણવા લીમડાપુરા તાબાના નવ ગામના ધર્મજનો, યુવાઓ તથા બાળકો મળી **૨૦૦ જેટલી મોટી સંખ્યામાં** હાજર રહ્યાં હતાં.
- કાર્યક્રમની શરૂઆત સામરખા ગામની યુવતીઓ દ્વારા પ્રાર્થના ડાન્સ અને ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓ દ્વારા દીપ પ્રજ્જવલિત કરીને થઈ હતી. ત્યારબાદ ફા. લૉરેન્સે કાર્યક્રમની ભૂમિકા બાંધી યુવાઓની કામગીરીની પ્રશંસા કરી શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત સૌ મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત અને પરિચય નિશા તથા રમેશભાઈ (સામરખા)એ કરાવ્યો હતો અને દરેક ગામમાંથી એક એક યુવા–યુવતી દ્વારા ફૂલછોડ અને સંભારણારૂપે મોમેન્ટો આપી સૌ મહેમાનશ્રીઓનું સ્વાગત કરવામાં હતું.
- લીમડાપુરા તાબાના યુવાનો દ્વારા સરસ મજાની સ્કીટ, બોલીવુડ ડાન્સ, સોલો ડાન્સ, કોમેડી ડાન્સ, કીડ્સ ડાન્સ, ગ્રુપ ડાન્સ, કવિતા, માઈમ વિવિધ પ્રસ્તુતિઓ પુરા ઉત્સાહ અને આનંદ સાથે રજૂ થઈ હતી. ઉપરાંત બપોરે ભોજન બાદ પણ સરસ મજાના ઈશ્વર ભક્તિના ગીતો ગાઈને યુવા યુવતીઓ દ્વારા ભક્તિમય વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. તો સાથે સાથે કાર્યક્રમની મધ્ય અને અંતે ઉપસ્થિત મહેમાનશ્રીઓએ યુવાપેઢીને માર્ગદર્શનરૂપ અને શુભેચ્છા પાઠવતા થોડા વિચારો પણ રજૂ કર્યા હતાં.
- અંતે ફા. લૉરેન્સે કાર્યક્રમની પૂર્ણાહુતિ તરફ સૌને દોરી જતાં સૌનો આભાર માન્યો હતો, અને પ્રસન્ના(ભાલેજ) દ્વારા આભારવિધિ તથા નિશા(સામરખા)એ મધુર શબ્દોમાં આભાર પ્રાર્થના કરાવી હતી. છેલ્લે સૌએ ડી.જે.ના તાલે ઝૂમી ગરબા અને ડાન્સની ભરપૂર રમઝટ માણી ઈશ્વરનો આભાર માનીને હસતાં ચહેરે સૌ છૂટા પડ્યાં હતા.

– ચિરાગ પરમાર (કાસોર)

# GPSCની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ યુવાન મનન ડાભી (નડિયાદ) સાથે ટેલીફોનીક વાર્તાલાપ



હું જીગ્નેશ I.C.Y.M. અમદાવાદ ધર્મપ્રાંત તરફથી વાત કરી રહ્યો છું.

- આપ કેમ છો ?

હું મજામાં છું.

- I.C.Y.M. અમદાવાદ તરફથી આ ઇન્ટરવ્યુમાં આપનું હાર્દિક સ્વાગત છે.

- તમારું પૂરું નામ અને વતન જણાવશો ?

મારું પૂરું નામ મનન સાયમન ડાભી છે તેમજ મારું વતન હાલ નડિયાદ છે.

- હાલ તમે જે પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છો તેના વિશે જણાવશો.

હાલમાં જ હું GPSC વર્ગ ૧-૨ની રાજ્ય વેરા અધિકારીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો છું.

- GPSC પરીક્ષા પાસ કરવા અંગે કેમનો વિચાર આવ્યો? તેમજ તેની માટે કોઈ વિશેષ પ્રેરણા ખરી ?

આમ તો મારો મૂળ અભ્યાસ ઇજનેરી શાખામાં થયેલ હતો પરંતુ ઉચ્ચ ક્ષેત્રમાં આગળ વધવાની ઝંખના હતી. મારા માતા-પિતાના માર્ગદર્શન તેમજ શિસ્ત અને મારા મામા ચંદ્રવદન મેકવાન જે ગુજરાત સરકારમાં સંયુક્ત સચિવની ફરજ બજાવી ચૂક્યા છે તેમનાથી પ્રેરણા લઈને મેં આ પરીક્ષાની તૈયારી કરવાનું નક્કી કર્યું હતું.

- તમે જે પરીક્ષા પાસ કરી છે તેની માટે તમે કેટલો સમય રોજિંદો અભ્યાસ કરતા હતા ?

હું રોજ લગભગ ૧૦ થી ૧૨ કલાક જેટલો અભ્યાસ કરતો હતો તેમજ તેની સાથોસાથ તાર્કિક અને વિચારશક્તિનો યોગ્ય ઉપયોગ.

- તમારી સફળતા પાછળ તમે કોની ભૂમિકા મહત્વની ગણો છો ?

સૌથી પહેલાં તો ઈશ્વરપિતાના આશિર્વાદ વિના કાંઇ શક્ય નથી હોતું. હોસ્ટેલ લાઇફની શિસ્ત તેમજ મારા માતાપિતાના સતત માર્ગદર્શન અને સહારા વગર આ સફળતા ન મળી હોત.

- તમે જે પરીક્ષા પાસ કરી છે તેની માટે તમે કેવો સંઘર્ષ કર્યો હતો ?

આશરે છ વર્ષ શિસ્તબદ્ધ રોજિંદું જીવન, પારિવારિક આયોજન,અવસરો તેમજ મેળાવડાથી અંતર વિશેષ રીતે કહું તો પુસ્તકોની દુનિયામાં ગળાડૂબ.

- ભવિષ્યમાં તમારું શું આયોજન છે? કોઈ વિશેષ ધ્યેય ખરો ?

મારા નાના સ્વ. જોસેફ મેકવાન સાહેબની જેમ સામાજિક ઉત્કર્ષ માટે મદદરૂપ થવું તેમજ જેમ મારા મામાથી હું પ્રેરણા લઈ શક્યો તેમ સમાજના બીજા યુવાનોને ઉચ્ચ પ્રકારની પરીક્ષા માટે માર્ગદર્શન આપવું છે .પરિવાર તેમજ મિત્રોને સમય આપવો છે તેમજ જીવનમાં નવી-નવી વસ્તુઓ શીખવાની ઈચ્છા છે.

- શું આપ સમાજ તેમજ યુવાનો માટે કોઈ વિશેષ સંદેશ આપવા માગો છો ?

દેશનું નિર્માણ કરવું આપણા હાથમાં છે. મેહનત કરી, સફળ થઈ આપણું, સમાજનું અને આપણા દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનાવીએ.

સમાજ તેમજ યુવાનો માટે અતિ ઉપયોગી તેવું આ ઇન્ટરવ્યુ આપવા માટે હું આપનો આભારી છું.

# નડિયાદ ડીનરીમાં યુવાદિનની ઉજવણી

**અમદાવાદ ધર્મપ્રાંતની નડિયાદ ડિનરીમાં આજે યુથ દિવસ ઉજવણી કરવામા આવી.**

તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ વિમલ મિરિયમ ચર્ચ નડિયાદ ખાતે ડિનરી યુથ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમા 7 તાબાના આશરે ૯૫ કરતા વધારે યુવાન-યુવતીઓએ ભાગ લીધો હતો.

યુવા દિવસની શરૂઆત Ice Breaking અને પ્રાર્થનાગીત દ્વારા કરવામાં આવી હતી તેમજ દીપપ્રાગટય સાથે પ્રોગ્રામને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

રેવ. ફાધર અશ્વિન દ્વારા ખ્રિસ્તયજ્ઞ વિશે સમજૂતી આપતા જણાવ્યું કે ખ્રિસ્તયજ્ઞ ના કુલ 5 ભાગ હોય છે. જેમા (૧) પ્રવેશવિધી, (૨) શબ્દની ઉપાસના, (3)યજ્ઞવિધી, (૪) પ્રભુભોજન, (૫)પૂર્ણાહુતિ. તેમણે પુરોહિતના અલગ અલગ રંગના કપડા વિશે સમજૂતી આપી અને ખ્રિસ્તયજ્ઞમા થયેલા ચમત્કારની વાત કરી હતી.

રેવ. ફાધર જીજ્ઞેશ દ્વારા ખ્રિસ્ત્યજ્ઞ અર્પણ કરવામાં આવ્યો. અને ધર્મ બોધ રેવ ફાધર અવિનાશ દ્વારા આપવામાં આવ્યો હતો.જેમા ફાધરે આજનું યુથ સોશિયલ મીડિયામાં વધારે અટવાયું છે એના વિશે વાત કરવામાં આવી હતી તેમજ તેમણે વિશેષ રીતે જણાવ્યું હતું કે આપણે મન અને હૃદયથી હંમેશા યંગ રહેવું જોઈએ.



બપોર પછી નિર્મલ મીરિયમ યુથ તરફથી એક નાટક રજુ કરવામા આવ્યું હતું. જેમા એમણે કેવી રીતે આપણે પ્રભુ ઈસુને નકારીએ છીએ અને મુશ્કેલીમાં પ્રભુ આપણી સાથે અને પાસે રહે છે. ત્યારબાદ ડીનરીના અલગ અલગ તાબામાથી યુથ દ્વારા ટેલેન્ટ રજુ કરવામા આવ્યું હતું. જેમા આઇ. સી. વાય. એમ. ના પ્રેસિડેન્ટ કેવિન પરમાર દ્વારા પણ પોતાનું ટેલેન્ટ રજૂ કર્યું હતું. અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડિરેક્ટર રેવ. ફાધર એડવિન દ્વારા યુવામંચ , યુવાવાણી અને આવનારા પ્રોગ્રામ વિશે વાત કરવામા આવી હતી.

પોગ્રામના સફળતા પાછળ નડિયાદ ડીનરીના યુવા સંચાલક રેવ. ફાધર જીજ્ઞેશ તથા સિસ્ટર વર્ષા, ડીનરીના ડીન રેવ. ફાધર આમ્બ્રોસ, ડીનરી યુથ, YU4C ગુજરાત, સ્થાનિક ધર્મજનો, વક્તાઓએ અને દાતાઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. અંતે રેવ ફાધર જીજ્ઞેશ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી છેલ્લે ગરબાની રમઝટ માણ્યા બાદ બધા છૂટા પડ્યા હતા.

# પેટલાદ ડીનરીમાં યુવાદિનની ઉજવણી



તારીખ 26/11/2023 ના રોજ આંકલાવ ખાતે પેટલાદ ડિનરીના યુવાદિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં 8 તાબાના યુવાનો મળીને 120 યુવાઓએ ભાગ લીધો હતો. મુખ્ય મહેમાન તરીકે ફા.એડવિન આનંદે હાજરી આપી હતી તેમણે પરમયજ્ઞમાં આપણા રાજા ઈસુ ખ્રિસ્ત છે તેમજ જેમ પ્રભુએ કહ્યું હતું તેમ આપણે એકબીજા ઉપર પ્રેમ રાખવો જોઇએ. વિશેષ કરીને જેમ પ્રભુએ બીજાના પગ ધોઈને ઉત્તમ ઉદહરણ આપ્યું તેમ આપણે પણ સતત સેવાકાર્ય કરવું જોઈએ.

યુવાનોના પ્રોગ્રામની શરૂઆતમાં બધા જ મેહમાનોનું સ્વાગત કરવામાં આવ્યુ ત્યારબાદ યુવાનો એકબીજાને ઓળખે એ માટે એક સરસ રમત રમાડવામાં આવી હતી.
ડૉ.વિન્સેન્ટ દ્વારા જીવનના હેતુ વિશે જાણકારી આપવામાં આવી હતી. જેમાં તેઓએ બાઇબલના પાંચ ઉપયોગી વાક્યો વિશે જણાવ્યું હતું જે નીચે મુજબ છે.

1. પ્રેમની આજ્ઞા
2. પ્રભુ ઈસુ જેવા બનો
3. પ્રભુએ જે ભેટ આપી છે તેનો ઉપયોગ સારી રીતે કરો.
4. Fellowship service
5. Education

પછી તેઓએ shape શબ્દ દ્વારા સાચા જીવનનો માર્ગ સમજાવ્યો હતો.

S – spirituality
H – Heart
A – Abilities
P – Personality
E – Experience

ત્યારબાદ ક્રુસના માર્ગની ભક્તિ કરવામાં આવી જેમાં બધા જ યુવાનોએ પૂરી ભક્તિથી ભાગ લીધો.

બપોરના સ્નેહભોજન બાદ યુવાનોને વિવિધ પ્રવૃતિ કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ તાબાઓ દ્વારા બાઇબલ આધારિત અભિનય સ્પર્ધા રાખવામાં આવી હતી તેમજ વિજેતાઓને ભેટ આપીને બિરદાવવામાં આવ્યા હતા.

અંતે સર્વનો આભાર માની યુવાદિન પૂર્ણ કરવામાં આવ્યો હતો.

INDIAN CATHOLIC YOUTH MOVEMENT
(DIOCESE OF AHMDEBAD)

આઈ.સી.વાય.એમ દ્વારા યોજાયેલ કિશોર દિન નો વીડિયો જોવા નીચેની લીંક ઉપર ક્લિક કરો.

CLICK HERE

આઈ.સી.વાય.એમ દ્વારા યોજાયેલ બાળ દિન નો વીડિયો જોવા નીચેની લીંક ઉપર ક્લિક કરો.

CLICK HERE

જોવા માટે CLICK HERE ઉપર ટચ કરો.

# રાષ્ટ્રીય યુવા પરિષદ ૨૦૨૩ - એક યાદગાર અનુભવ

પમી રાષ્ટ્રીય યુવા પરિષદ ગુવાહાટી આસામ ખાતે ઉજવવામાં આવ્યો હતો. જેનુ મુખ્ય સૂત્રવિધાન હતુ કે "બાળકો તમે તમારા માતા-પિતાની આજ્ઞામાં રહેજો એજ તમારો ધર્મ છે." આ રાષ્ટ્રીય યુવા પરિષદમા ભારતના વિવિધ રાજ્યો - શહેરોના લગભગ 350 યુવાન-યુવતિઓએ ભાગ લીધો હતો. I.C.Y.M. ભારતીય કેથોલિક યુવા ચળવળના નિર્દેશક રેવ. ફાધર ચેતન મચાડો અને ભારતીય કેથોલિક યુવા ચળવળની રાષ્ટ્રીય ટીમના નેતૃત્વ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું . આ રાષ્ટ્રીય યુવા પરિષદ યજમાન I.C.Y.M. ઉત્તરપૂર્વ પ્રદેશ (North- East Region) દ્વારા ખુબ જ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું.

આ રાષ્ટ્રીય યુવા પરિષદના અનુભવો બે ભાગમાં વિભાજિત કરીએ તો ધર્મપ્રાંતિય દિવસો અને રાષ્ટ્રીય યુવા પરિષદ :

ધર્મપ્રાંતિય દિવસો :

યુવા પરિષદના પહેલા બે દિવસો એટલે ધર્મપ્રાંતમાં દિવસો. આ બે દિવસો મેઘાલયના તુરા ધર્મપ્રાંતમાં આયોજન કરવામાં આવ્યું હતું.

20/10/23 - સેક્રેટ હાર્ટ ચર્ચમાં બધાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સેક્રેટ હાર્ટ ચર્ચ અને સેન્ટ લુક ચર્ચના ધર્મ વિભાગમાં અમારી વહેંચણી કરવામાં આવી હતી અને ત્યારબાદ બધાને ફાળવણી કરેલા કુટુંબમાં મોકલવામાં આવ્યા હતા ત્યારબાદ રાત્રે તે કુટુંબ સાથે ગુલાબમાળાની ભક્તિ તેમની ભાષામાં કરવામાં આવી હતી અને આ મારા જીવનની સૌથી યાદગાર ક્ષણ હતી.

બીજે દિવસે તારીખ 21/10/23 ત્યાંથી અમે સાડોલપરા ગામની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. અને આ સમયે બસમાં ભારતના વિવિધ રાજ્યોના લોકો અને ત્યાંની વિવિધ સંસ્કૃતિ ભાષામાં પ્રભુ ગીતો ગાઇને અમે સાડોલપરા ગામે પહોંચ્યા. સાડોલપરા ગામ કુદરતી સૌંદર્યથી ભરપૂર જૂની સાંસ્કૃતિક પ્રથાથી આવરી લેતું હતું. ત્યાં અમે ત્રણથી ચાર કલાક વિતાવ્યા બાદ અમારા સ્થાને આવ્યા હતા અને અમારું બીજી વખત સાંસ્કૃતિક ભેટો આપીને અમારું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્રીજે દિવસે 22/10/22 સવારે ભવ્ય ખ્રિસ્તયજ્ઞ ઉજવ્યા બાદ અમે અમારી રાષ્ટ્રીય યુવા પરિષદની જગ્યા ગુવાહાટી - આસામ પહોંચ્યા.

ધર્મપ્રાંતમાં દિવસો એ મારા જીવનનો એક અવિસ્મરણ્ય અનુભવ હતો અને તેમાં પણ ત્યાંના કુટુંબ સાથે વિતાવેલો સમય એ મારા જીવનનો ખૂબ જ યાદગાર અનુભવ રહેશે. આ અનુભવ કર્યા બાદ હું કહી શકું છું કે, મારું બીજું કુટુંબ તુરા ધર્મપ્રાંતમાં આવેલું છે.

રાષ્ટ્રીય યુવા પરિષદ :

રાષ્ટ્રીય યુવા પરિષદ માટે અમે ગુવાહાટી આસામમાં આ આવ્યા. ગુવાહાટી એટલે પૂર્વ ભારતનું પ્રવેશ દ્વાર ગુવાહાટીમાં આવેલી એમ.એસ.એફ.એસ શાળામાં રાષ્ટ્રીય યુવા પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓક્ટોબરના રોજ બધા રાજ્યોના લોકો દ્વારા સરઘસમાં પોતાનું સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરીને આ



રાષ્ટ્રીય યુવા પરિષદની શરૂઆત કરવામાં આવી હતી. યુવા પરિષદમાં સારી એવી સગવડ પૂરી પાડવા ઉત્તર-પૂર્વ પ્રદેશ (Northeast Region) ના 100 જેટલા સ્વયંસેવક - સેવિકાઓ આવ્યા હતા. આ સમગ્ર આયોજન ઉત્તર-પૂર્વ પ્રદેશ(Northeast Region)ના નિર્દેશક ફાધર જોન બર્મન દ્વારા કરવામાં આવ્યું હતું.

જુદા જુદા મહા ધર્મપ્રાંતના બીશપો અને ફાધરો દ્વારા ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પરિષદની જુથ ચર્ચા અને યુવાઓની જીવનમાં કામ આવે એ માટે કાર્ય શાળાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રે બધા રાજ્યોએ પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમથી આ પરિષદની રોનકમાં વધારો કર્યો હતો. આ પરિષદમાં ગુજરાત દ્વારા પણ ગરબાનું નૃત્ય કરવામાં આવ્યું હતું. નોર્થ-ઈસ્ટ બેન્ડ ગ્રુપ દ્વારા સંચાલિત 'તેઝે પ્રેયર'ની આરાધનામાં બધાને પ્રભુનો સ્પર્શ કરાવવામાં આવ્યો હતો. આટલા દિવસોમાં ઘણા બધા એક્શન ગીતો અને જીવનમાં કામ આવે એવા સુંદર પ્રવચનોથી હું ઘણું શીખ્યો.

27મી ઓક્ટોબરના ખ્રિસ્તયજ્ઞ બાદ આ રાષ્ટ્રીય પરિષદની પુર્ણાહુતી કરવામાં આવી હતી. હવે પછી છઠ્ઠો રાષ્ટ્રીય યુવા પરિષદ-2024 જલંધર ધર્મપ્રાંતમાં યોજવામાં આવશે.





JCR EVENTS
Merry
CHRISTMAS
&
A HAPPY NEW YEAR
Samuel Babu
L 26, KK Nagar, Sector 4, Ghatlodia,
Ahmedabad0-61
CONTACT 97243 30400




LOURDES YOUTH GROUP CTM AHMEDABAD
LOURDES YOUTH GROUP
Presents
CAROL SINGING COMPETITION
MERRY Christmas And Happy New Year
CATEGORIES
Jr.kg to Sr.kg
1st to 4th
5th to 8th
9th to 12th
College to < 25
REGISTER NOW !!!
24th December, 2023.
10:00 am to 12:00 pm
Our Lady of Lourdes Prayer Hall, CTM.
EACH CATEGORY
1st Prize
2nd Prize
For Registeration Contact:-
Krish Christian - 76001 88649
Angel Vakharia - 6353 123 141
Mariya Macwan - 78618 17742

# Indian Catholic Youth Movement
# Diocese Of Ahmedabad

## Diocesan Executive Committee



Fr.Edwin Anand
(Youth Director)



Nelson Macwan
(NEXCO Member)




Kevin Parmar
President



Sharon Christi
Vice President



Mitul Khristi
Secretary



Shruti Parmar
Joint Secretary



Devang Parmar
Media Secretary



Krutesh Macwan
Treasurer



Sneham Macwan
YU4C co-ordinator



Shraddha Vaghela
Liturgy Head



Jignesh Christian
Yuvamanch Head



Ruchit Vaniya
Yuvavani Head



Bhavesh Khristi
Event Head




Himanshu Dabhi
Discipline Head



Jenis Pateliya
P.R.O

## Event Committee




Bhavesh Khristi
Event Head



Merry Macwan



Aakash Parmar



Prit Macwan




Vipul Chauhan

# Discipline Committee




**Himanshu Dabhi**
**Discipline Head**



**Agnel Dayarsa**



**Smit Makwana**



**Prasanna Chauhan**



**Renison Macwan**




**Sneh Chauhan**

# Finance Committee




Krutesh Macwan
Treasurer



Shruti Parmar



Selvina Christian



Renisan Meghani



Aryan Macwan

# Media Committee



Devang Parmar
Media Secretary



Smit Macwan



Johnty Antony



Ashwin Parmar



Lawrence Dsilva

# P.R.O Committee



Jenis Pateliya
P.R.O



Shraddha Macwan



Sharon Christi



Niyanta Parmar



Mukesh Parmar



Achal Rajan

# Liturgy Committee



Shraddha Vaghela
Liturgy Head



Sweta Macwan



Queency Macwan




Alex Khristi

# Yuvamanch Committee



Jignesh Christian
Yuvamanch Head



Meet Parmar



Mitul Khristi



Prasanna Chauhan



Ripal Dabhi



Muskan Raj

Indian Catholic Youth Movement
Diocese Of Ahmedabad


# Yuvavani Committee



Ruchit Vaniya
Yuvavani Head



Aakash Parmar



Kevin Parmar



Vijay Parmar



Alex Parmar

# વાચકોની નજરે...

આપના તંત્રીલેખ માં " The Church is built on the blood of martyrs " ની થીમ ગમી. આપણા લોકોને અને યુવાઓને ખાસ એ વાતનો અંદાજ જ નથી કે સુવાર્તા અને વચનો આપણા સુધી પહોંચાડવામાં કેટલાના લોહી વહ્યા છે. મુક્તિ મફતમાં મળી છે માટે તેના વહકોની કિંમત આપણી નજરમાં નથી. આપણને તો મૂલ્ય ચૂકવીને ખરીદવામાં આવ્યા છે. આ બધી વાતો યુવાઓ ના ધ્યાનમાં લાવવી જરૂરી છે. આ મુદ્દે યુવાઓ સાથે ક્યારેક વાત કરવી ગમશે મને. સુંદર મેગેઝિન છે. આપના પ્રયત્નોને ધન્યવાદ.

**- કલ્પેશ સાવન**

Congrats ! Awesome 29 pages of " Yuva Manch " magazine tells all the stories about youth activities.Compilation & depiction of events praise worthy. God bless everyone for your efforts & endeavours.

**- Yohan Silas**

જય ઈસુ ફાધર, હાલ જ આપના યુવામંચ 2 નો આપનો લેખ વાંચ્યો,એની પહેલા જ ટોલ્સટોય ના પુસ્તકની વાર્તા "પાપીનો પસ્તાવો" વાંચી. આપના લેખ અને આ વાર્તા બંનેમાં સમાનતા લાગી. તેથી તમને મોકલવાની ઈચ્છા થઈ, તેથી તમને સ્ક્રીનશોટ સાથે મોકલી રહ્યો છું. આશા રાખું ક્યાંક આ વાર્તાનો પણ ઉલ્લેખ કરી શકો આપ. આપણા સમાજમાં ઉત્કર્ષ માટે આપ જે કામ કરી રહ્યા છો, હે ઈશ્વર દ્વારા આપને મળેલ છે. તેના માટે આપનો અને ઈશ્વર નો ધન્યવાદ. આભાર.

**- ડેનિશ**

આ ઇ - મેગેઝિનમાં આપ સૌ પણ પોતાનો અભિપ્રાય આઇ. સી. વાય.એમ. ઉપર ઇ-મેઇલ અથવા ફાધર એડવિનને વોટ્સએપ દ્વારા મેસેજમાં મોકલી શકો છો.

MAC EDUCATION
MAC
EDUCATION ONLINE
A Registered Nurse Academy

Are you a Nurse dreaming to work abroad as a

# Registered Nurse (RN) !!



Get your RN Licence from
NCSBN | CNO | NMC | AHPRA

Let's Check Your Eligibility by Credential Evaluation

Coaching & Mentoring

Evaluation & Registration Process

Recruitment & Visa Process Support

Work in USA | Canada

NCLEX - RN
REx - PN

Canadian Healthcare System
US Health & Human Service



NHS
Health & Care visa

Work in UK
As a RN

OET
Occupational English Test

CBT
OSCE

| | R | L | W | S |
|---|---|---|---|---|
| IELTS - | 7 | 7 | 6.5 | 7 |
| OET - | B | B | C+ | B |

What we are

14+ Years Experience in this Domain

500+ Satisfied RN Settled in Abroad

1 Lakh+ Practice Questions Subscription

Own E-learning Platform (Software)

Online Flexible Batches

100% Genuine Support

Student Visa | Work Permit | PR in Any Country
USA | Canada | UK | Australia | New Zealand | Germany

Contact us for more details
iWorld Edtech Pvt. Ltd.
IND : 78599 20013 | 78599 05157
https://macedu.in
mac_nclex_academy
https://nclexrn.academy

# Vand Consultancy

Assess - Insure - Secure

આપ સર્વને નાતાલ તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

# MERRY CHRISTMAS & HAPPY NEW YEAR

## VAND TOURS AND TRAVELS SERVICES

Personal and Family Tour Planning | Holiday Package (India & International)
Hotel Booking | Air Tickets | Passport Services | Visa Services



## VAND FINANCIAL SERVICES

Mutual Funds
Health Insurance
Life Insurance
Vehicle Insurance
Financial Planning

## VAND MANPOWER SERVICES

ઈઝરાયલ માટે સ્પેશ્યલ તક
કેર ટેકર અને ફાર્મિંગ વિઝા માટે તાત્કાલિક મળો

BHAVIK PRAVASI (MDRT USA) **98794 93852/51**